Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :42• Date : 07-03-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

## અર્જુન મોઢવાડિયા અને અંબરિશ ડેરે કેસરિયો ધારણ કર્યો



ગાંધીનગર,

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે અને ભાજપે પોતાના પહેલી યાદીમાં ગુજરાતના ૧૫ સહિત ૧૯૫ ઉમેદવારની જાહેરત પણ કરી દીધી છે જ્યારે ગુજરાતમાં કોંગ્રેસની હાલત દિવસેને દિવસે ખરાબ થતી જાય છે.

રાહુલ ગાંધીની યાત્રા ગુજરાતમાં પ્રવેશ કરે તે પહેલા જ ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા રાજીનામાં આપી રહ્યા છે અને ભાજપમાં જોડાઈ રહ્યા છે ત્યારે આજે પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર, કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને પૂર્વ ધારાસભ્ય કમલમ ખાતે વિધિવત રીતે ભાજપમાં જોડાયા છે. તેમની સાથે જામનગરના મૂળુ કંડોરીયા પણ ભાજપમાં જોડાયા છે. ત્રણેય નેતાઓએ ભાજપ પ્રદેશ પ્રમુખની હાજરીમાં કેસરિયો ધારણ કર્યો છે. ભાજપનો ખેસ ધારણ કર્યા બાદ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, '૧૯૪૭માં દેશને આઝાદી મળી તે પહેલા સમગ્ર દેશની જનતા અને નાગરિકો, ક્રાંતિકારીઓ મહાત્મા ગાંધીની આગેવાની હેઠળ એકઠા થયા હતા. તેમાં તમામ વિચારધારાના લોકો હતા. લક્ષ્ય હતું રાજકીય આઝાદીનું. આઝાદી મળી પણ સામાજિક અને આર્થિક આઝાદી મેળવવાની બાકી છે. આજે પણ આપણને આ સપનું અધુંરું દેખાય છે. તે વખતે મહાત્મા ગાંધી અને સરાદાર સાહેબ દેશનું નેતૃત્વ કરતા હતા. આજે નરેન્દ્ર મોદી અને અમિત શાહ દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. વિકસિત ભારતનું સપનું લઈને દિવસ અને રાત જોયા વગર કામ કરી રહ્યા છે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, 'દેશમાં રાજનીતિમાં કોઈ ઉદ્દેશ સાથે આવતું નથી. વડાપ્રધાન મોદીનો ઉદ્દેશ દેશમાં બદલાવ અને દેશને વિશ્વની મહાસત્તા તરીકે પ્રસ્તાપિત કરીને પાંચ ટ્રિલિયન ડોલરનું સપનું જોયું છે.

સામાજિક અને આર્થિક આઝાદીનું સપનું વડાપ્રધાન મોદી જોઈ રહ્યા છે. એ વખતે પણ તમામ સમાજના લોકો સામ્યવાદી પક્ષને બાદ કરતા તમામ વિચારધારાના લોકો એકઠા થયા હતા. આ વખતે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ તમામ પ્રબુદ્ધ નાગરિકો એક થઈને આર્થિક અને સામાજિક બદલાવનું કામ કરે છે.' અંબરીશ ડેરે ભાજપનો ખેસ પહેર્યા બાદ જણાવ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે વન બુથ ૧૦ યુથ કાર્યક્રમ ચલાવાયો હતો. તેવા સમયે કે જ્યારે મોબાઈલ કેમેરા વાળો ન હતો. તેવા સમયે અમરેલી જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે મૂકીને અમરેલીના એકે એક ગામમાં યુવા મોરચાના કામ કરેલું. સ્થાનિક લેવલે અમૂક કાર્યકર્તાઓ સાથે મતભેદ થતા પાર્ટી છોડી હતી. ૨૦૧૭માં કોંગ્રેસે ટિકિટ આપી અને હું ધારાસભ્ય રહ્યો. વ્યક્તિગત ટિપ્પણીથી બચીને બોલવાનો પ્રયત્ન કર્યો. સરકારમાં હાલમાં મંત્રીઓ કામ કરી રહ્યા છે તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે પણ કામ કરવાની તક મળી છે.' પાટીલ સાથે મુલાકાત અંગે અંબરીશ ડેરે કહ્યું કે, 'મારા માતાની તબિયત ખરાબ હતી ત્યારે પાટીલ ઘરે પધાર્યા ત્યારે વાત થઈ. અને આજે ભાજપમાં જોડાયો છું. મારા મત વિસ્તારના કાર્યકર્તાઓ પણ ભાજપમાં જોડાશે. આવતીકાલે રાજુલાના અસંખ્ય કાર્યયકર્તાઓ ભાજપમાં જોડાવાના છે. રામ મંદિર આમંત્રણ અંગે અંબરીશ ડેરે કહ્યું કે, 'કોંગ્રેસના મોડવી મંડળે અને નજીકના લોકોએ અમુક બાબતોમાં મિસગાઈડ કર્યા. રામ મંદિર પ્રસંગે જે સ્ટેટમેન્ટ આવ્યું તે આઘાતજનક અને નિરાશાજનક રહ્યું. બધાજ ધર્મનો આદર અને સન્માન કરીએ છીએ. પરંતુ ઘરના મોભી નારાજ થાય તે વ્યાજબી નહીં. કોઈને દોષ આપવા માંગતો નથી. કોઈનું ખરાબ કહેવા માંગતો નથી.

## સંદેશખાલીમાં ઘોર પાપ થયું, માથું શરમથી ઝુકી જશે : મોદી



કોલકાતા, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળના પ્રવાસે છે. અહીં પર તેમણે સંદેશખાલીની પાંચ પીડિત મહિલાઓ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન પીડિત મહિલાઓએ તેમની સાથે થયેલી ઘટના અંગે વડાપ્રધાન મોદીને જણાવ્યું. આ મહિલાઓનું દર્દ સાંભળીને વડાપ્રધાન મોદી ભાવુક થઈ ગયા.

બારાસાતમાં થયેલા નારી શક્તિ વંદના કાર્યક્રમ દરમિયાન સંદેશખાલી મામલે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સંદેશખાલીમાં ઘોર પાપ થયું છે. ત્યાં જે કંઈ પણ થયું તેનાથી કોઈનું પણ માથું શરમથી ઝુકી જશે પરંતુ ત્યાંની ટીએમસી સરકારને તમારા દુઃખથી કોઈ ફરક નથી પડતો. ટીએમસી સરકાર બંગાળની મહિલાઓના ગુનેગારને બચાવવા માટે તમામ શક્તિ લગાવી રહી છે પણ પહેલા હાઈકોર્ટ અને પછી સુપ્રીમ કોર્ટથી પણ રાજ્ય સરકારને ઝટકો લાગ્યો છે. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના રાજમાં ત્યાં અત્યાચાર થઈ રહ્યો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ટીએમસી સરકારને અત્યાચારી નેતા પર ભરોસો છે પરંતુ બંગાળની બહેન-દીકરીઓ પર ભરોસો નથી.

## કોંગ્રેસ જર્મનીના મોડલને ચૂંટણી ઢંઢેરામાં રજૂ કરી શકે

નવી દિલ્હી,

ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન રાહુલ ગાંધી સતત બેરોજગારી અને પેપર લીકને લઈને મોદી સરકાર પર નિશાન સાધી રહ્યા છે. રવિવારે ગ્વાલિયરમાં પણ રાહુલ ગાંધીએ કહ્યુ કે ભારતમાં યુવાનોનો બેરોજગારી દર પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ભૂટાનથી પણ વધુ છે. રિપોર્ટ અનુસાર આગામી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીને જ ભાજપ સામે મોટો મુદ્દો બનાવવાની છે. કોંગ્રેસ પોતાના ચૂંટણી ઢંઢેરામાં અમુક એવા વાયદા કરવાની છે જે અત્યાર સુધી કરવામાં આવ્યા નથી. કોંગ્રેસ પાર્ટી જર્મનીના મોડલને પોતાના ચૂંટણી ઢંઢેરામાં રજૂ કરી શકે છે. રાહુલ ગાંધી ઘણી વખત મોદી સરકાર પર આરોપ લગાવે છે કે તેઓ યુવાનોના ભવિષ્ય સાથે રમત રમી રહ્યા છે. આ સિવાય પેપર લીકનો મુદ્દો પણ ઉઠાવતા રહે છે. હવે કોંગ્રેસ જર્મનીના ડ્યુઅલ એજ્યુકેશન મોડલને લઈને વિચાર કરી રહી છે. જોકે આને ભારતીય પરિસ્થિતિમાં ઢાળીને જ રજૂ કરવામાં આવશે. આ મોડલ હેઠળ વોકેશનલ એજ્યુકેશન અને ટ્રેનિંગ સિસ્ટમને શિક્ષણની સાથે રાખવામાં આવે છે.

આ મોડલ વોકેશનલ સ્કુલમાં અભ્યાસ દરમિયાન જ કંપનીમાં કામ કરવાની તક આપે છે. તેનાથી યુવાનોને શિક્ષણ બાદ રોજગાર મળવાનું સરળ થઈ જાય છે. કોંગ્રેસ નેતાઓનું માનવુ છે કે દેશના યુવાનોને જોબ માર્કેટમાં જવાની એક આકર્ષક ઓફર આપવાની જરૂર છે. જોકે આ કાર્ય સરળ નથી.

## તંત્રી લેખ

# ચૂંટણીના પડઘમ અને પક્ષ-વિપક્ષની તૈયારી

ચૂંટણીઓમાં હંમેશાં રાજકીય પક્ષોની જીત-હારને લઈને જનતામાં કુતૂહલ રહે છે. પરંતુ શું લોકસભા ચૂંટણી ૨૦૨૪નું પરિણામ સુનિશ્ચિત છે? શું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપના નેતૃત્વવાળા એનડીએની જીતને લઈને આશ્વસ્ત છે? શું વિપક્ષી ગઠબંધનની હાર નક્કી છે? આવું કહેવું બહુ ઉતાવળું ગણાશે. નિશ્ચિત વિજયની હવાને કારણે ભાજપી કાર્યકર્તા અને તેના સમર્થક મતદારો એ કારણે ઉદાસીન થઈ શકે છે કે મોદી તો જીતી જ રહ્યા છે તો તેમના વોટથી શો ફરક પડવાનો છે? જ્યારે વિપક્ષો અતિ સક્રિયતા દેખાડીને પોતાની પાર્ટીને જીત સુધી ખેંચી જઈ શકે છે, પરંતુ શું મોદી અને ભાજપ આ બધાથી અજાણ છે? આખરે કેવી છે સત્તારૂઢ અને વિપક્ષી ગઠબંધનની રણનીતિઓ, પડકારો, મુદ્દા અને હાર-જીતની સંભાવનાઓ?

ગયા વર્ષે ૧૮ જુલાઈએ વિપક્ષોના ઈન્ડી ગઠબંધનની રચના થઈ. એવું લાગ્યું કે મોદી સરકારે ચૂંટણીમાં સશક્ત વિપક્ષનો સામનો કરવો પડશે, પરંતુ કોઈ સંયુક્ત વિચારધારા, કોમન મિનિમમ પ્રોગ્રામ, સંગઠનાત્મક વ્યવસ્થા, સ્પષ્ટ નેતૃત્વ અને સીટ વહેંચણીના ગઠબંધન પર પ્રશ્નચિહ્ન લાગી રહ્યા હતા. સાત મહિના બાદ ગઠબંધનમાં તિરાડો અને ખેંચતાણ જોવા મળી રહી છે. તેમની પાસે 'મોદી હટાઓ' જેવો એકમાત્ર નકારાત્મક મુદ્દો છે. વિપક્ષ પંજાબના ખેડૂતોને ઉશ્કેરીને એમએસપીને મુદ્દો બનાવવાની કોશિશ કરી, પરંતુ શું માત્ર પંજાબના મોટા ખેડૂતો આંદોલન કરે છે? શું દેશના અન્ય ખેડૂતોને કોઈ સમસ્યા નથી? માત્ર પંજાબના ખેડૂતો જ વારંવાર આંદોલન કેમ કરે છે? પછી આંદોલનની રીતભાતો શું લોકતાંત્રિક અને શાંતિપૂર્ણ છે? આ પ્રશ્નોને કારણે જ ખેડૂત સંગઠનો અને વિપક્ષે આ મુદ્દે જનસમર્થન નથી મળી રહ્યું. ત્યાં જ મોદીએ પોતાની સરકારની ઉપલબ્ધિઓ, ખેતી અને ઔદ્યોગિક વિકાસ, યુવાઓના સ્વરોજગાર, ગરીબ કલ્યાણ, મહિલા સશક્તીકરણ તથા 'સબકા સાથ - સબ કા વિકાસ'ને પોતાની સમાવેશી રાજનીતિનો સકારાત્મક મુદ્દો બનાવ્યો છે. વડાપ્રધાન મોદીએ વિશ્વભરમાં ભારતનું માન વધાર્યું છે અને દુશ્મન પડોશી દેશ પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તર પર લગભગ એકલું પાડી દીધું છે.

મોદી વિરોધ અને મોદી હટાવોના લ-ય માટે એવી રણનીતિની માંગ હતી કે દરેક રાજ્યમાં એનડીએ અને ઈન્ડી ગઠબંધનનો સીધો મુકાબલો થતો દેખાય, પરંતુ એવું થતું નથી દેખાઈ રહ્યું. બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને બિહારમાં રાજદ કોંગ્રેસને બેહદ સીમિત સીટો આપવા માંગે છે. આપે કોંગ્રેસ સાથે દિલ્હી અને કેટલાક રાજ્યોમાં તો ગઠબંધન કરવામાં આવ્યું છે, પરંતુ પંજાબમાં નહીં. સપાએ ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસને માત્ર ૧૭ સીટો લડવા માટે આપી છે. તેની અવગણના કરીને કોંગ્રેસ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રામાં ગૂંચવાયેલી છે. સંભવતઃ કોંગ્રેસ આ ચૂંટણી જીતવા કરતાં વધુ ભવિષ્યની ચૂંટણીઓ અને રાહુલના નેતૃત્વને સ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, પરંતુ જો કોંગ્રેસને રાષ્ટ્રીય રાજનીતિમાં પોતાનું વજૂદ બચાવવું હોય તો તેણે ગઠબંધનનો માર્ગ છોડીને આખા દેશમાં એકલા ચૂંટણી લડવી પડશે, જે તેની રાષ્ટ્રીય ઓળખને જાળવી રાખશે અને દરેક લોકસભા ચૂંટણી ક્ષેત્રમાં તેને સંગઠનાત્મક આધાર અને નેતૃત્વ આપશે. ગઠબંધનની વાત કરીએ તો ઉત્તર પ્રદેશમાં સપાની ચૂંટણી રણનીતિ કમજોર છે.

અખિલેશ યાદવ પહેલાં પણ ગઠબંધનના પ્રયોગ કરી ચૂક્યા છે, પરંતુ તેમને કશામાં કોઈ ખાસ સફળતા નથી મળી. તેમને સર્વાધિક સફળતા ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં મળી, જેમાં સપા ગઠબંધનને લગભગ ૩૬ ટકા વોટ મળ્યા, જ્યારે ૨૦૧૭માં સપાને માત્ર ૨૧.૮૨ ટકા અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૧૭.૯૬ ટકા વોટ મળ્યા હતા. એવામાં સવાલ ઊઠે છે કે અખિલેશે એ ગઠબંધન મોડેલ કેમ પસંદ કર્યું, જેમાં તેમને ઓછા મત મળે? બંગાળમાં મમતા બેનર્જીની રણનીતિ સૌથી કારગત છે, કારણ કે તેઓ પોતાની રાજકીય જમીન પર કોઈ સહયોગી પક્ષને હાથ નથી મૂકવા દેતાં. અરવિંદ કેજરીવાલ પણ મમતા બેનર્જી જેટલા જ ચાલાક છે. પંજાબમાં તેઓ કોંગ્રેસને કોઈ ભાવ નથી આપવા માગતા, જ્યાં તેમની પાર્ટી અપેક્ષાકૃત બહેતર સ્થિતિમાં છે. ઈન્ડી ગઠબંધનથી વિપરીત વડાપ્રધાન મોદી ન માત્ર પોતાની હાલની સીટો પર પકડ મજબૂત કરવાની તનતોડ કોશિશ કરે છે, બલ્કે તમિલનાડુમાં પણ કર્ણાટક જેવો પ્રયોગ કરવા માગે છે. સંભવત- તેમણે અન્ય દક્ષિણ ભારતીય રાજ્યોમાં ભાજપની પહોંચ વધારવાનું સૂત્ર પણ શોધી લીધું છે.

### માલદીવમાં મુઈજ્જુ સરકાર બાદ ભારત સાથેના સબંધો વણસ્યા

# ભારત બદમાશ હોત તો ૪.૫ અબજ ડોલરની મદદ ન કરી હોત : જયશંકર

## જયશંકરે કહ્યુ કે ભારત હંમેશા સંકટના સમયમાં પોતાના પાડોશી દેશોની સાથે ઊભુ રહે છે અને શક્ય મદદ કરે છે



નવી દિલ્હી,

માલદીવમાં મોહમ્મદ મુઈજ્જુની સરકાર બન્યા બાદથી જ ભારતની સાથે સંબંધ ખરાબ થઈ ગયા છે. આ વચ્ચે વિદેશ મંત્રી જયશંકરે માલદીવના રાષ્ટ્રપતિને તેમની જ ભાષામાં જવાબ આપતા કહ્યુ કે બદમાશ ક્યારેય ૪.૫ અબજ ડોલરની મદદ કરતા નથી. જાન્યુઆરી મહિનામાં મુઈજ્જુએ ભારત વિશે કહ્યુ હતુ કે કોઈ પણ દેશ પાસે તેમને ધમકાવવાનું લાયસન્સ નથી. પોતાના પુસ્તક 'વ્હાઈ ભારત મેટર્સ'ના પ્રમોશન કાર્યક્રમમાં જયશંકરે કહ્યુ કે ભારત હંમેશા સંકટના સમયમાં પોતાના પાડોશી દેશોની સાથે ઊભુ રહે છે અને દરેક શક્ય મદદ કરે છે.

વિદેશ મંત્રીને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે ભારત આ મહાદ્વીપમાં ઘૂસણખોરીનો પ્રયત્ન કરે છે. તેમણે કહ્યુ કે તમે જો ભારતને મોટો બદમાશ ગણાવો છો તો એક વાત ધ્યાન રાખો કે બદમાશ ૪.૫ અબજ ડોલરની મદદ કરતા નથી. કોવિડના સમયે બીજા દેશોને વેક્સિન મોકલતા નથી. યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં અનાજથી લઈને ખાતર અને દવાઓ પણ મોકલાવતા નથી. આજે ભારતના વખાણ સમગ્ર દુનિયા કરે છે. સંકટના સમયે ભારતે દરેક દેશની મદદ કરી છે. માલદીવ અને ભારતની વચ્ચે તણાવ વધી ગયો જ્યારે મુઈજ્જુના મંત્રીઓએ વડાપ્રધાન મોદી પર આપત્તિજનક ટિપ્પણી કરી દીધી. જોકે ઘરેલુ દબાણના કારણે જ ૩ મંત્રીઓને કેબિનેટથી બહાર કરી દેવાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપના પર્યટનને પ્રોત્સાહન આપવા માટે તસવીરો શેર કરી હતી. જે બાદ મુઈજ્જુના મંત્રીઓએ તેની પર આપત્તિજનક ટિપ્પણી કરી હતી. તેનો વિરોધ મુઈજ્જુ સરકારે પોતાના ઘરમાં પણ કરવો પડ્યો. જયશંકરે કહ્યુ કે નેપાળ, શ્રીલંકા, ભૂટાન, બાંગ્લાદેશ અને માલદીવમાં છેલ્લા અમુક વર્ષોમાં જ ભારતનું રોકાણ ઝડપથી વધ્યુ છે. આજે જે રીતનો વેપાર પાડોશી દેશો સાથે થઈ રહ્યો છે, તે પણ એક વ્યક્ત કરનારી કહાની છે. હું આ લિસ્ટથી માલદીવને અલગ કરી રહ્યો નથી. માલદીવની સાથે પણ સારા વ્યાપારી સંબંધ છે.

આ મામલે હુ ભૂટાનનું નામ પણ ભૂલી શકતો નથી કેમ કે બંને દેશોની વચ્ચે ખૂબ ગાઢ અને મજબૂત સંબંધ છે. અમે એકબીજાનું ખૂબ સન્માન કરીએ છીએ. ઉલ્લેખનીય છે કે મુઈજ્જુએ એલાન કર્યુહતુ કે ભારતીય સેનાની પહેલી ટુકડી ૧૦ માર્ચ સુધી ભારત મોકલી દેવામાં આવશે. જે બાદ બાકીની બે ટુકડીઓને ૧૦ મે સુધી મોકલવામાં આવશે. માલદીવના રાષ્ટ્રપતિ ચીનના ઘોર સમર્થક છે અને દરમિયાન તે પોતાના હિતોને અવગણીને ભારતનો વિરોધ કરી રહ્યા છે. મુઈજ્જુનું કહેવુ છે કે તેમના દેશમાં કોઈ પણ વિદેશી સેના હાજર રહેવી જોઈએ નહીં.

# ભાજપના દિગ્ગજ નેતાઓએ પણ નામ પાછળ મોદી કા પરિવાર લગાવ્યું

નવી દિલ્હી,

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે અને ઉમેદવારોના નામની જાહેરાત થઈ રહી છે ત્યારે ભાજપ સંપૂર્ણપણે ઈલેક્શન મોડમાં આવી ગયો છે. અમિત શાહથી લઈને નીતિન ગડકરી સુધી ભાજપના તમામ મોટા નેતાઓ સોશિયલ મીડિયા પર પોતાના નામમાં ફેરફાર કરી દીધો છે.

નામની પાછળ 'મોદી કા પરિવાર' લગાવી દીધું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેરા ભારત મેરા પરિવાર ટિપ્પણી કરી ત્યાર પછી ભાજપના નેતાઓ ટ્વિટર પર બાયોમાં પોતાના નામની પાછળ મોદી કા પરિવારઉમેરી રહ્યા છે. આવા ફેરફાર કરનારા નેતાઓમાં અમિત શાહ અને ગડકરી ઉપરાંત જે પી નદ્દા, શેહઝાદ પૂનાવાલા વગેરે સામેલ છે. આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવે તાજેતરમાં પટણામાં એક રેલી દરમિયાન મોદીના પરિવાર વિશે સવાલ ઉઠાવ્યા તે તેને ભારે પડી શકે છે.

લાલુએ મોદી વિશે જે ટિપ્પણી કરી તેનો ભાજપ ભરપૂર ફાયદો ઉઠાવવા માટે તૈયાર છે. લાલુએ કહ્યું હતું કે મોદીને પરિવાર નથી તેમાં અમે શું કરી શકીએ? હવે ભાજપના નેતાઓ પોતાના નામ પાછળ મોદી કા પરિવારઉમેરી રહ્યા છે. ભાજપના અન્ય નેતાઓમાં મનસુખ માંડવિયા, ડોક્ટર વિરેન્દ્ર કુમાર, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, અનુરાગ ઠાકુર, પ્રવક્તા સંબિત પાત્રા, રાજ્ય સભાના સાંસદ સુધાંશુ ત્રિવેદી, કેન્દ્રિય મંત્રી પિયુષ ગોયલ, ગિરિરાજ સિંહ, જ્યોતિરાદિત્ય સિંધિયા, સાંસદ મનોજ તિવારી, પ્રેમ સિંહ તવાંગ સહિત ઘણા નેતાઓએ સોશિયલ મીડિયા પર પોતાના નામની પાછળ મોદી કા પરિવાર લગાવી દીધું છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે પીએમ મોદીએ ટ્વિટર પર 'મેં ભી ચોકીદાર'નો ટ્રેન્ડ શરૂ કર્યો હતો. તે વખતે પણ ભાજપના નેતાઓ પોતાના નામની પાછળ 'મેં ભી ચોકીદાર' લગાવતા હતા અને ચૂંટણી પૂરી થઈ ત્યાં સુધી આ રીતે નામ રાખ્યું હતું. આ વખતે 'મોદી કા પરિવાર' લાઈન લગાવવામાં આવી રહી છે.

### દીકરાના લગ્ન પહેલા હરખ!

# નીતા અંબાણીએ આપ્યું મંત્ર મુગ્ધ કરી દેતું નૃત્ય પરફોર્મન્સ



જામનગર,

જામનગરમાં હાલ ઉત્સવનો માહોલ છે. ભારતનાં સૌથી મોટા બિઝનેસમેન મુકેશ અંબાણીનાં નાના પુત્ર અનંત અંબાણી અને તેની થનાર પત્ની રાધિકા મર્ચન્ટનાં પ્રિ વેડિંગ સેલિબ્રેશનમાં એકથી એક ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ ચાલેલા આ ભવ્ય સેલિબ્રેશનમાં દેશ દુનિયાનાં અનેક મોટા માથાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. રિહાના, શાહરુખ ખાન, સલમાન ખાન અને આમિર ખાન અને દિલજીત દોસાંજ જેવા સેલિબ્રિટીઓએ પરફોર્મન્સ પણ આપ્યા હતા. મુકેશ અંબાણી અને તેઓનાં ધર્મ પત્ની નીતા અંબાણી આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ખુશખુશાલ દેખાતા હતા. તમામ કાર્યક્રમો ભવ્ય અને શાનદાર રીતે પૂર્ણ થયા હતા. અનંત અંબાણીએ પોતાનાં જીવન અને મમ્મી પપ્પા અંગે ઘણી હદય સ્પર્શી વાત કરી હતી. જે સાંભળી હાજર લોકોની આંખોમાં પાણી આવી ગયા હતા. દીકરાનાં લગ્નમાં હરખ તો કોને ન હોય? અનંત અંબાણીનાં આગામી ૪ મહિના પછી લગ્ન છે ત્યારે પ્રિ વેડિંગ કાર્યક્રમમાં તેઓનાં માતા નીતા અંબાણીએ પોતાનું એક પરફોર્મન્સ પણ આપ્યું હતું. જેનો વિડીયો હાલ સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. નીતા અંબાણી આ વિડીયોમાં પોતે વિશ્વંભરી સ્તુતિ પર નૃત્ય કરતાં જોઈ શકાય છે. તેઓનું આ અદભૂત નૃત્ય જોઈ સોશ્યલ મીડિયામાં લોકોએ તેઓની પ્રશંસા કરી હતી.

# વાવાઝોડા સાથે આવેલા વરસાદે જિલ્લાના ખેડૂતોની કમર તોડી

અરવલ્લી,

અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટા બાદ કમોસમી વરસાદને પગલે રવિ પાકમાં વાવેતર કરાયેલા ઘઉ, મકાઈ, વરિયારી, બટાકા જેવા પાકોમાં વ્યાપક નુકશાન થયું છે. ઘઉના અને મકાઈના પાકનો સોથ વળી ગયો ત્યારે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

સરકાર દ્વારા સર્વે કરી સહાય ચૂકવાય તેવી માંગ ખેડૂતો કરી રહયા છે. હવામાન વિભાગની આગાહીના અનુસંધાને રાજ્યમાં મોડી સાંજે વરસાદ પડતાં મહીસાગર જિલ્લાના ખેડૂતોને ઘાસચારા સહિત ઉભા પાકને ભારે નુકસાન થયું ખેડુતોને રાતા પાણીએ રડવાનું વારો આવ્યો છે. ત્યારે ખેડુતો વળતરની માંગ કરી રહ્યા છે. રાજ્યભરમાં હવામાન વિભાગની આગાહીના અનુસંધાને મહીસાગર જિલ્લામાં ગત મોડી સાંજે ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. જેમા એક એક ભારે પવન સાથે જિલ્લામાં પવન સાથે વરસાદ પડતા ભારે તરાજી જોવા મળી હતી. જેમા સજ્જનપુર ગામમાં ઘઉં, મકાઈ, તલ, કપાસ, ચણા જેવાં પાકો જમીન દોસ્ત થયાં છે. અરવલ્લી જિલ્લાના કે જ્યા છેલ્લા બે દિવસ દરમિયાન વરસેલા વરસાદે ખેડૂતોને ચિંતામાં મૂકી દીધા છે. અરવલ્લી જિલ્લામાં રવિ સીઝનમાં કુલ ૧ લાખ ૨૪ હજાર હેક્ટર જમીનમાં ખેડૂતોએ જુદાજુદા પાકોનું વાવેતર કર્યું છે. જેમાં સૌથી વધુ ૮૦ હજાર હેક્ટર જમીનમાં ઘવના પાકનું વાવેતર કરવામાં આવ્યું હતું, અને ૩૦ હજાર હેક્ટરમાં બટાકા, ૧૦ હાજર હેક્ટર જમીનમાં વરિયારી, ૧૪૪૬૫ હજાર હેક્ટર જમીનમાં મકાઈ જેવા પાકોની વાવણી કરી હતી.

# ઈમાનદાર વ્યક્તિને આપણો સમાજ બેવકૂફ સમજે છેઃ સીબીઆઈ કોર્ટ

અમદાવાદ,

દેશમાં ભ્રષ્ટાચારને રોકવા માટે અનેક રસ્તા અપનાવાઈ રહ્યા હોવા છતાં કરપ્શનનો જાણે કોઈ અંત નથી તેવું લાગે છે. સ્વયં સીબીઆઈ કોર્ટે કહેવું પડ્યું છે કે આજે ભ્રષ્ટાચાર એટલો ફૂલ્યો ફાલ્યો છે કે ઈમાનદાર વ્યક્તિને આપણો સમાજ બેવકૂફ સમજે છે. આવી ટિપ્પણી કરીને અમદાવાદ સ્થિત સીબીઆઈ કોર્ટે કરપ્શનના એક કેસમાં ઈક્મટેક્સના બે રિટાયર્ડ અધિકારીઓને ત્રણ વર્ષની જેલની સજા સુનાવી હતી.

સીબીઆઈ કોર્ટે કહ્યું હતું કે દેશમાં ભ્રષ્ટાચાર એટલી હદે વ્યાપી ગયો છે કે કોઈ વ્યક્તિ પ્રામાણિકતાથી કામ કરે તો આધુનિક સમાજ તેને મૂર્ખ ગણે છે. આ કેસમાં મહેશ સોમપુરા અને મુકેશ રાવલ નામના બે ઈક્મટેક્સ ઓફિસર અમદાવાદમાં પોસ્ટિંગ ધરાવતા હતા. ઓગસ્ટ ૨૦૧૧માં તેમને એક ટેક્સ સ્ક્રૂટિની કેસમાં સેટલમેન્ટ માટે લાંચ લેતા રંગે હાથ પકડવામાં આવ્યા હતા. આ અધિકારીઓએ ૧.૭૫ લાખ રૂપિયાની લાંચ માગી હતી અને પછી ૫૦,૦૦૦ રૂપિયા સ્વીકારતી વખતે પકડી લેવાયા હતા. તેમની સામે ભ્રષ્ટાચાર વિરોધી ધારા હેઠળ કાર્યવાહી થઈ હતી. હવે આ બંને અધિકારીઓ નિવૃત્ત છે પરંતુ તેમનો કેસ હજુ ચાલતો હતો. સ્પેશિયલ સીબીઆઈ જજે બંને અધિકારીઓને દોષિત ગણાવીને તેમને ત્રણ વર્ષની સજા તથા ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે એમ પણ કહ્યું કે કરપ્શન કરનારા અધિકારીઓની ઉંમર વધારે છે તે કારણથી તેમને સજામાં રાહત આપી શકાય નહીં. કોર્ટે પોતાના ચુકાદામાં જે વાત કહી તે મહત્ત્વની છે. કોર્ટે કહ્યું છે કે જે લોકો સિદ્ધાંતથી કામ કરે છે તેમને કોઈ ગણતરીમાં નથી લેતું અને તેમને બેવકૂફ માનવામાં આવે છે. ભારતમાં યોગ્ય કામ કરાવવા માટે પણ લાંચ આપવી પડે છે.

# ૯ બાંગ્લાદેશીને પુરીના મંદિરમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા

પુરી,

પુરીના જગન્નાથ મંદિરમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં અજાણ્યા બાંગ્લાદેશી નાગરિકો મંદિરમાં પ્રવેશતા ઝડપાયા હતા. જે બાદ પોલીસે આરોપીઓને કસ્ટડીમાં લીધા હતા.

આ અંગે વધુ માહિતી આપતા એક અધિકારીએ જણાવ્યું કે રવિવારે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોએ કેટલાક બાંગ્લાદેશી નાગરિકોને મંદિરની અંદર જતા જોયા હતા. તેઓએ સિંહદ્વાર પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ પોલીસે બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી હતી. નોંધનીય છે કે પુરીના જગન્નાથ મંદિરમાં નિયમાનુસાર માત્ર હિંદુઓને જ પ્રવેશ આપવામાં આવે છે. આ ઘટના અંગે માહિતી આપતા પોલીસ અધિકારીએ જણાવ્યું હતું, કે વિશ્વ હિન્દુ પરિષદના કેટલાક કાર્યકરોએ ફરિયાદ કરી હતી કે ૧૨મી સદીના પુરીના જગન્નાથ મંદિરમાં ઘણા બિન-હિંદુ બાંગ્લાદેશીઓ પ્રવેશ કરી રહ્યા છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે આ લોકો મંદિરના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. આ પછી સિંહદ્વાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

# સીએમ યોગી આદિત્યનાથને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

લખનૌ,

ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌના પોલીસ કંટ્રોલ રૂમમાં આવેલા એક કોલથી ખળભળાટ મચી ગયો હતો. આ કોલમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. પોલીસ આ કેસની તપાસમાં વ્યસ્ત છે.

આ કોલ શનિવારે પોલીસ કંટ્રોલ રૂમના CUG નંબર પર આવ્યો હતો. આ પછી, કંટ્રોલ રૂમમાં તૈનાત હેડ કોન્સ્ટેબલે તરત જ ધમકીભર્યા નંબર વિશે ફરિયાદ નોંધાવી હતી. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. શનિવારે લખનૌના પોલીસ કંટ્રોલ રૂમમાં ઝેંર નંબર પર કોલ આવ્યો હતો. જેમાં એક અજાણ્યા યુવકે સીએમ યોગીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. આ મામલે લખનૌ કોતવાલીમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

નોંધાયેલી એફઆઈઆર મુજબ, ફરિયાદી હેડ કોન્સ્ટેબલ ઉધમ સિંહે જણાવ્યું કે પોલીસ કંટ્રોલ રૂમમાં એક કોલ આવ્યો હતો. જેમાં એક અજાણ્યા યુવકે કહ્યું કે સીએમ યોગી આદિત્યનાથને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. આ પ્રકારનાં ભેદી ફોન કોલથી સમગ્ર વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો.

આવો કોલ કરીને પોલીસ કંટ્રોલ રૂમને ધમકી આપનાર વ્યક્તિની ઝડપી શોધખોળ હાથ ધરી છે. જો કે આ કંઈ પહેલી વખત નથી કે CMને આ પ્રકારનો ફોન આવ્યો હોય. આ પહેલા પણ સીએમ યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી મળી ચૂકી છે.

# દ્વારકાના ભાણવડમાં તબીબોની ગેરહાજરીથી દર્દી મુશ્કેલીમાં મૂકાયા

ભાણાવડ,

દેવભૂમિ દ્વારકાના ભાણાવડમાં દર્દીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબોની વધુ પડતી ગેરહાજરી જોવા મળી. આરોગ્ય કેન્દ્રમાં પૂરતી સંખ્યામાં તબીબો ના હોવાથી દર્દીઓ વધુ મુશ્કેલીમાં મૂકાયા છે. ભાણાવડના સામુહિક આરોગ્ય કેન્દ્ર છે પરંતુ લોકોનો ઉપચાર કરનાર કોઈ તબીબ હાજર નથી. ડોક્ટરની ગેરહાજરથી દર્દીઓ રઝળી પડ્યા છે.

ભાણાવડના સ્થાનિકો અત્યારે સામાન્યથી લઈને મોટી સ્વાસ્થ્ય તકલીફના ઉપચાર માટે બહુ દૂર જતા હોય છે. ભાણવાડમાં નજીવા દરે બીમાર દર્દીને સારવાર આપવાને લઈને એક સામુહિક આરોગ્ય કેન્દ્ર છે. આ આરોગ્ય કેન્દ્રમાં સરકારી નિયમાનુસાર અવશ્ય તબીબ હોવા જોઈએ. પરંતુ આરોગ્ય કેન્દ્રમાં તબીબના અભાવે ૭૦થી વધુ દર્દીઓ રઝળી પડ્યા છે. સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટર હાજર ન હોવાના કારણે દર્દીઓ રઝળ્યા છે. વહેલી સવારથી દર્દીઓ ડોક્ટર આવશે તેની રાહ જોઈ રહ્યા છે. આરોગ્ય કેન્દ્રમાં પ્રસૂતિમાટે આવેલી મહિલાઓ અને બીમાર વૃદ્ધો પણ પીડાતા નજરે પડી રહ્યા છે. તબીબો વીના ૭૦થી વધુ દર્દીઓ ઉપચાર અને બીમારીની સમસ્યાને લઈને મુશ્કેલી અનુભવી રહ્યા છે.

### ગુજરાતમાં રખડતા ઢોરની સમસ્યા સામે કોર્ટે લાલ આંખ કરી છે

# ઢોરને રસ્તા પર રખડતા મૂકનારા ગૌપાલકને ત્રણ વર્ષની જેલની સજા

## ૨૦૧૯ના બનાવમાં કોર્ટે સેક્શન ૩૦૮, સેક્શન ૨૮૯ વગેરે કલમો લગાડી, ગૌપાલક સામે પશુઓની ઉપેક્ષા કરવાનો અને લોકો માટે જોખમી સ્થિતિ પેદા કરવાનો આરોપ લાગ્યો હતો

અમદાવાદ,

ગુજરાતમાં રખડતા ઢોરની સમસ્યાના કારણે કેટલાય લોકોના જીવ ગયા છે. રસ્તા પર રખડતી ગાય કે આખલાના કારણે કોઈને ઈજા થઈ હોય અથવા મોત થયું હોય તેવી ઘણી ઘટનાઓ બનતી રહે છે. જોકે, અદાલતે આ અંગે કડક વલણ અપનાવવાનું શરૂ કર્યું છે જેના કારણે જવાબદાર લોકોને સજા થઈ રહી છે. તાજેતરમાં અમદાવાદમાં એક ગૌપાલકને કોર્ટે ત્રણ વર્ષની જેલની સજા કરી છે.

આ કેસની વિગત પ્રમાણે જૂન ૨૦૧૯માં સાબરમતી પોલીસ સ્ટેશન એરિયામાં રખડતા ઢોર પકડતી ટીમે બે ગાય અને ત્રણ વાછરડાને પકડ્યા હતા. આ ઢોરને વાડામાં બંધ કરી રાખવાના બદલે રોડ પર રખડતા મૂકી દેવાયા હતા. તેના કારણે આ ઢોરના માલિક હરગોવિંદ દેસાઈ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. દેસાઈ સામે સેક્શન ૩૦૮, સેક્શન ૨૮૯ વગેરે કલમો લગાડવામાં આવી હતી. તેમની સામે પશુઓની ઉપેક્ષા કરવાનો અને લોકો માટે જોખમી સ્થિતિ પેદા કરવાનો આરોપ લાગ્યો હતો.

ગાયો અને વાછરડાના માલિક હરગોવિંદ દેસાઈ સામે કેસ ચાલ્યો ત્યારે સાક્ષી તરીકે બે પોલીસમેન અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બે કર્મચારીઓના નિવેદન લેવાયા હતા. આ ઉપરાંત કેટલાક ડોક્યુમેન્ટ પણ અદાલતમાં રજુ કરાયા હતા. આ તમામ પૂરાવાના આધારે એડિશનલ સેસન્સ જજ સારંગા વ્યાસે ઢોરના માલિક હરગોવિંદ દેસાઈને રસ્તા પર ઢોર રખડતા છોડી મૂકવાના કેસમાં દોષિત ઠરાવ્યા હતા.

કોર્ટે કહ્યું કે એએમસીની ટીમે ઢોર પકડી લીધા પછી દેસાઈ કોર્પોરેશનના વાડા પર ગયો હતો અને ઢોરને છોડાવી લીધા હતા. તેના પરથી સાબિત થાય છે કે આ ગાયો અને વાછરડા તેની માલિકીના જ હતા.

દેસાઈએ જ્યારે કોર્ટને સજામાં રાહત આપવાની વિનંતી કરી ત્યારે જજે કહ્યું કે રખડતા ઢોરના કારણે ઘણા બધા અકસ્માતો થાય છે. ઘણા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને સામાન્ય લોકોને તકલીફ પડે છે કારણ કે રોડ પર ઢોર ફરતા હોય છે.

### આવક થતા ભાવ પણ વધ્યાં

# મહુવા યાર્ડમાં ૧.૮૪ લાખ કટ્ટા સફેદ અને લાલ ડુંગળીની આવક

## માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉં ની હરાજી કરવામાં આવી હતી, પ્રતિ એક મણના ભાવ ૪૫૦ રૂપિયાથી લઈને ૬૦૬ રૂપિયા સુધીના નોંધાયા હતા



ભાવનગર,

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૦૪ માર્ચના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીની આવક નોંધાઈ હતી. મહુવા માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને સફેદ ડુંગળી, નાળિયેરની આવક નોંધાઈ હતી. ૦૪ માર્ચના રોજ કુલ ૧૭ જણસીઓની આવક નોંધવામાં આવી હતી.

મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૧,૦૯,૧૯૬ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૦૦ રૂપિયાથી લઈને ૨૭૭ રૂપિયા સુધીના બોલાયા હતા. માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીની ગુણી ૭૫,૦૦૦ની આવક નોંધાઈ હતી. જેના પ્રતિ એક મણના નીચા ભાવ ૧૨૫ રૂપિયા અને ઊંચા ભાવ ૩૯૦ રૂપિયા સુધીના નોંધાયા હતા. માર્ચના રોજ મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી.

જેમાં એક મણના નીચા ભાવ ૫૫૧ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧૧૧૭ રૂપિયા સુધી રહ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉં ની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૪૫૦ રૂપિયાથી લઈને ૬૦૬ રૂપિયા સુધીના નોંધાયા હતા. આ ઉપરાંત બાજરીની હરાજી કરવામાં આવી હતી. બાજરીના પ્રતિ એક મણના નીચા ભાવ ૩૬૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૪૮ રૂપિયા સુધીના નોંધાયો હતો. માર્કેટિંગ યાર્ડમાં સફેદ તલના ૨,૪૦૦ રૂપિયાથી લઈને ૨,૭૫૦ રુંપિયા સુધીના ભાવ નોંધાયા હતા. યાર્ડમાં કપાસના ૬૮ ગાસડીની આવક થઈ હતી. જેના પ્રતિ એક મણના ભાવ ૧૧૫૦ રૂપિયાથી લઈને ૧,૪૧૦ રૂપિયા સુધીના નોંધાયા હતા.

# રોડ ક્રોસ કરી રહેલા આધેડને ટ્રકે અડફેટે લેતા ગંભીર ઈજા

અમદાવાદ,

શહેરના દિલ્લી દરવાજા પાસે પગપાળા રોડ ક્રોસ કરી રહેલા આધેડને ટ્રકે ટક્કર મારતા જમીન પર પટકાયા હતા. આ દરમ્યાન ટ્રકનું પાછળનું ટાયર આધેડ પર ફરી વળતા તેમને ગંભીર ઈઝાઓ પહોચી હતી અને તેમને સારવાર માટે ખસેડ્યા હતા જ્યા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ.

આ અંગે એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. શહેરમાં અકસ્માતો વધી રહ્યા છે પ્રતિબંધીત વાહનો આવતા જતાં વધી રહ્યા છે પરંતુ શહેરના પોલીસ કન્ટ્રોલ રુમમાં આવેલા સીસીટીવીમાં તે દેખાતા ન હોવાની ચર્ચા પોલીસ બેડામાં થઈ રહી છે. આ અંગેની વિગતો એવી છે કે, નારણપુરામાં રહેતા ગટુભાઈ યાદવ (ઉ.૬૦) નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમાં તેમના ૫૦ વર્ષીય ભાણેજ કોદરભાઈ ગત ૨ માર્ચે રાત્રીના સમયે દિલ્લી દરવાજા ચાર રસ્તા પાસેથી ચાલતા રોડ ક્રોસ કરી રહ્યા હતા. સમયે પુરઝડપે આવી રહેલ ટ્રક ચાલકે તેમને ટક્કર મારતા તેઓ જમીન પર પટકાયા હતા. આ દરમ્યાન ટ્રકનું પાછળનું ટાયર કોદરભાઈ પર ફરી વળતા તેમને ગંભીર ઈજાઓ થતા બેભાન થઈ ગયા હતા.

# પેસેન્જર રિક્ષામાં મુસાફરોને લૂંટતી ગેંગના ૩ શખ્સો જબ્બે

જૂનાગઢ,

જુનાગઢમાં પેસેન્જર રિક્ષામાં મુસાફરોને બેસાડી રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન અને સોનાના દાગીનાની ચોરી કરતી રીક્ષા ગેંગના ૩ શખ્સો ઝડપાયા છે. ગુજરાતના આ જિલ્લામાં વરસાદે ભુક્કા બોલાવી દીધા! કડાકા ભડાકા સાથે ભારે પવન ફૂંકાયો!

જૂનાગઢ સહિત અન્ય શહેરોમાં પેસેન્જર રીક્ષાના ઓથા હેઠળ મુસાફરોને રિક્ષામાં બેસાડી રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન અને સોનાના દાગીનાની ચોરી કરતી રીક્ષા ગેંગના ૩ શખ્સોને જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધા હતા. જેમાં દિપક કરમસી સોલંકી, રવિ ભીખા સોલંકી, અને સાગર મનસુખ અબસાણીયા નામના ૩ શખ્સોએ આવી રીતે ૧૦૦ જેટલા ગુનાઓ આચર્યાની કબૂલાત આપી હતી. ઝડપાયેલા ૩ શખ્સો અલગ અલગ જિલ્લામાં પેસેન્જર રીક્ષા ફેરાના ઓથા હેઠળ બસ સ્ટેશન, રેલવે સ્ટેશન સહિતની ભીડભાડ વાળી જગ્યા પરથી મુસાફરોને રિક્ષામાં બેસાડી મુસાફરોના ખીસા અને બેગમાં રહેલ સોનાના દાગીના તેમજ રોકડ રકમ અને મોબાઈલ ફોનની સિફટતા પૂર્વક ચોરી કરી ગુનાઓ આચરતા હતા.

# પીરાણા સર્કલ પાસે ડમ્પરની ટક્કરે બાઈકચાલકનું મોત

અમદાવાદ,

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસોથી અકસ્માતની ઘટના વધુ બની રહી છે ત્યારે આજે અમદાવાદ શહેરમાં વધુ એક અકસ્માતની ઘટનાના સમાચાર મળી રહ્યા છે જેમાં પીરાણા સર્કલ પાસે ડમ્પરે બાઈકને અડફેટે લેતા બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે.

રાજ્યમાં ડમ્પરચાલક દ્વારા અવારનવાર અકસ્માત સર્જવાની ઘટના પ્રકાશિત થાય છે ત્યારે આજે શહેરમાં વધુ એક ઘટનાથી એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. સૂત્રો પાસેથી મળતા સમાચાર મુજબ શહેરના પીરાણા સર્કલ પાસે પુરપાટ ઝડપે આવી રહેલા ડમ્પરે એક બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું છે. ઘટનાને પગલે લોકોના ટોળાઓ એકઠા થયા હતા અને રોડ પર ટ્રાફિક જામના દ્રશ્ય સર્જાયા છે. હાલ પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. થોડા દિવસો પહેલા જ ધોળકા-ખેડા હાઈવે પર પુલેન સર્કલ નજીક એક પાર્ક કરેલા ડમ્પર સાથે અચાનક જ બોલેરો કારની ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બોલેરોમાં સવાર એક મહિલા અને એક બાળક સહિત ૭ શ્રમિકોના મોત થયા હતા, જે પોતાના કામ અર્થે ધાનપુર જઈ રહ્યા હતા.જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા જેમને અસારવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.તમામ મૃતકો મધ્યપ્રદેશના હોવાની માહિતી મળી હતી.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya